CMYK CMYK


**ડાયાબિટીસ**
**ડો.પોમા શાહ**
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
**બી.પી., 2D ઈકો**
**કે.પી હોસ્પિટલ** નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325



LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ **8** તા. ૦૯-૦૧-૨૦૨૬, શુક્રવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







# જશોનાથ મહાદેવ મંદિરની ગરિમા પુનઃ સ્થાપિત કરવામાં સ્થાનિક શાસકો ક્યારે શંખ ફૂંકશે ?!


ભાવનગર,તા.૯

આસ્થાનું પ્રતીક એવા પ્રથમ જયોર્તિલિંગ સોમનાથ મંદિરનું સ્વાભિમાન પર્વ ઉજવાઈ રહ્યું છે તે નિમિત્તે ભાવનગર શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા ભાવનગરના પૌરાણિક મંદિર જશોનાથ મહાદેવના સાનિધ્યમાં તારીખ ૮ થી ૧૦ જાન્યુઆરીના રોજ સવારે ૮ થી રાત્રે ૧૧ કલાક સુધી ૐકાર ચાલીસાના મંત્ર અને જાપનું આયોજન કરવામાં આવેલ છે જેનો આજે બીજો દિવસ છે. ભાવનગરના સ્થાનિક રાજકીય આગેવાનો સોમનાથનું ગૌરવ લઇ રહ્યા છે તે સારી બાબત છે પરંતુ ભાવનગરની ગરિમા અને ધરોહર એવું જશોનાથ મહાદેવનું મંદિર જીર્ણ થયું છે, સરકાર હસ્તકના આ મંદિરની દરકાર લેવાતી નથી. દિન પ્રતિદિન મંદિરનું બાંધકામ નબળું પડી રહ્યું છે તેની મરામત અને વિકાસ માટે અનેક જાહેરાતો અને યોજના બની પરંતુ તે માત્ર કાગળો વચ્ચે જ દબાયેલી રહી છે, ત્યારે જશોનાથ મહાદેવના ઐતિહાસિક પ્રાંગણમાં શિવજાપ સાથે સ્થાનિક શાસકો આ મંદિરના વિકાસ માટે પણ સંકલ્પબધ્ધ બની ખરા અર્થમાં શિવભક્તિ કરવી જોઈએ તેમ લોકો કહી રહ્યા છે.

આઝાદી પછી સરકાર હસ્તક થયેલા જશોનાથ સહિતના મંદિરોનો વહીવટ કલેક્ટર અને સીટી મામલતદારના નિયંત્રણમાં આવે છે, જેની દેખરેખ અને સાર સંભાળ આ વિભાગ એ કરવાની હોય છે, જુના રજવાડાના જશોનાથ મહાદેવ મંદિરની દૂદર્શા હૃદય દ્રવી ઉઠે તેવી છે, દેખરેખ અને સંભાળ માટે ત્વરિત નિર્ણયો કે પગલાં ભરાતા નથી માટે આ માટે કંઈક અલગથી વ્યવસ્થા કરવી જોઈએ અથવા તો આ મંદિરોને સરકારના નિયંત્રણમાંથી મુક્ત કરવા જોઈએ તેવી લોક લાગણી છે.

ભાવનગર જુના રાજયના મહારાજા સર જશવંતસિંહ ભાવસિંહ ગોહિલ દ્વારા સુંદર મજાનું શિવાલય કાશી વિશ્વનાથ મંદિર ઉત્તરાંચલની પ્રતીકૃતિ સમાન બનાવેલ છે, લોકશાહી બાદ આ મંદિરની માઠી બેઠી છે. ભાવેણાનું ગૌરવ અને ગરિમા બંને કોરાણે મુકાઈ છે, હાલ ઐતિહાસિક મંદિરનો ગુંબજ છેલ્લા ઘણા સમય પૂર્વે વરસાદથી ક્ષતિ ગ્રસ્ત થઈને તૂટી પડ્યો છે તેને રીપેર કરવા હજુ મુહર્ત મળતું, એટલું જ નહિ તેનો કાટમાળ પણ હજુ દૂર કરાયો નથી. યાત્રાધામ વિકાસ બોર્ડ અંતર્ગત આ મંદિરના વિકાસ માટે યોજના બની હોવાનું કહેવાય છે પરંતુ માત્ર વાતો સંભળાય છે, કેટલાય મહિનાઓ થયા હજુ જમીની હકીકતમાં કશું જ નથી ત્યારે જશોનાથ મંદિરના પટાંગણમાં શિવ આરાધના માટે એકત્ર થયેલા ભાજપના નેતાઓ જશોનાથ મંદિરની ગરિમા પુનઃ સ્થાપન કરવા સંકલ્પબદ્ધ બને તેવી લોક લાગણી છે.


તસવીર : ધવલ વાજા



**મંદિરના વિકાસ માટેની યોજના જમીની હકીકત ક્યારે બનશે ? : સોમનાથ સ્વભિમાન માટે જશોનાથના પટાંગણમાં મંત્ર જાપ કરી રહેલા સ્થાનિક શાસકો ભાવનગરની આ ધરોહરના વિકાસ માટે પણ સંકલ્પ કરે તેવી લોકલાગણી**

# સીઝનમાં પહેલીવાર લઘુતમ તાપમાનનો પારો ગગડીને ૧૩,૮ ડિગ્રીએ પહોંચતા ઠંડીનો માહોલ

**સરેરાશ ૧૦ કી.મીની ઝડપે બર્ફીલો પવન ફુંકાયો, નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા, તાપણાનો સહારો લેતા લોકો**



ભાવનગર,તા.૯

ઉત્તર-પૂર્વીય બર્ફીલા પવન ફુંકાવાના કારણે આજે શુક્રવારે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીથી નીચે પહોંચીને ૧૩.૬ ડિગ્રીએ પહોંચી જતા સીઝનમાં પ્રથમવાર લઘુતમ તાપમાન સૌથી નીચું જતા લોકો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા.આજે લોકોએ શિયાળાની અસલી ઠંડીનો પણ અનુભવ કર્યો હતો હજુ પાંચ-છ દિવસ સુધી ઠંડી યથાવત રહેશે તેવી હવામાન શાસ્ત્રીઓ અને હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આજે સવારે કાતિલ ઠંડીના પગલે હાઈ-વે પર ધુમ્મસ છવાયું હતું અને વાતાવરણ ખુશનુમા રહ્યું હતું. ઠંડીથી બચવા લોકોએ તાપણાનો સહારો પણ લીધો હતો.

ગુજરાતમાં શિયાળો જામી ચૂક્યો છે. છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા હાલમાંસ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, સમગ્ર ગુજરાતની સાથો સાથ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનો કહેર જોવા મળી રહ્યો છે.જેમાં કચ્છનું નલિયા ૪.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડુ શહેર નોંધાયું છે. નલિયામાં નોંધાયેલું તાપમાન આ સિઝનનું સૌથી નીચું તાપમાન છે. આ સિવાય સૌરાષ્ટ્રના પણ ઠંડી ભુક્કા બોલાવી રહી છે. અમરેલી અમરેલી ૮.૬ ડિગ્રી લધુત્તમ તાપમાન સાથે બીજા નંબર પર રહ્યું છે. જયારે રાજકોટમાં પણ પારો ગગડીને ૯.૪ ડિગ્રી અનુસંધાન/૬

# પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના પાંચ રીલ સાથે બે શખ્સોની ધરપકડ

**બોરતળાવ પોલીસે બાતમીના આધારે બંનેને ઝાડી લઇ મુદ્દામાલ જપ્ત કર્યો**

ભાવનગર,તા.૯

અબોલ પક્ષીઓ તેમજ માણસોની જિંદગી જોખમાઈ તેવી ચાઈનીઝ કે પ્લાસ્ટિકની દોરીના ઉપીયોગ ઉપર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હોવા છતાં તેનું ચોરી છુપીથી વેચાણ અને ઉપીયોગ થતો હોય આ અંગે પોલીસ સતત વોચ રાખતી હતી તે દરમિયાન બોરતળાવ પોલીસે બે શખ્સોને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના પાંચ રીલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ બોરતળાવ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળેલ કે કુંભારવાડા, રામદેવનગર શેરી નંબર-૧ માં મણીબેનની દુકાન પાસે રહેતો વિશાલ દશરથભાઈ સંઘાણી નામનો શખ્સ ચાઈનીઝ દોરીના રિલનું વેચાણ કરવાના ઈરાદે ઉભો છે તે બાતમીના આધારે રેડ કરતા શખ્સ ચાઈનીઝ દોરીના રીલ સાથે પકડાઈ જતા તેની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત બોરતળાવ પોલીસે બાતમીના આધારે નકળંગધામ, રામદેવનગર કુંભારવાડામાં રહેતા દિલીપ ઉર્ફે દિનેશ પરષોત્તમભાઈ પરમાર ઉ.વ. ૩૩ વાળને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૪ રીલ કી.રૂ.૧૬૦૦ના મુદ્દા માલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવહી હાથ ધરી હતી. આમ પ્રતિબંધિત દોરીના વેચાણ અને ઉપીયોગ કરતા લોકો સામે પોલીસ દ્વારા શખ્ત કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# રોંગ સાઈડમાં આવી દાદાગીરી કરતા કાર ચાલકને પોલીસે પાઠ ભણાવ્યા

**વર્ના કાર અને ટેન્કર વચ્ચે અકસ્માતથી થયેલા ટ્રાફિક જામને પોલીસ ખુલ્લો કરાવતા હતા**

ભાવનગર,તા.૯

શહેરના રંગોલી ચોકડી પાસે આજે સવારે વર્ના કાર અને સિમેન્ટના ટેન્કરનો અકસ્માત થતા રોડ પર ટ્રાફિકજામ થવા પામ્યો હતો. અકસ્માતમાં કોઈને ઈજા થઈ ન હતી પરંતુ ટ્રાફિકજામ થવાના કારણે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને ટ્રાફિક ક્લિયર કરાવવા લાગેલ દરમિયાન એક કાર ચાલક રોંગ સાંઈડમાં આવી ટ્રાફીક ક્લિયર કરાવતા પોલીસ કર્મચારી સાથે બોલાચાલી કરી દેકારો કર્યા બાદ ઝપાઝપી થયેલ જેનાથી પોલીસે દાદાગીરી કરનાર કાર ચાલકની અટકાયત કરી પોલીસ મથકે લઈ આવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન ટ્રાફિકજામ હોવા છતા પોલીસ અને કાર ચાલક ઝપાઝપી નિહાળવા લોકોના ટોળા ઉમટ્યા હતા.



તસવીર : ધવલ વાજા

# આલકોકમાંથી ચોરી કરેલા દોઢ લાખ ઉપરાંતના મુદામાલ સાથે સિક્યુરિટી ગાર્ડ સહીત 4 ઝબ્બે

**ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ**

ભાવનગર,તા.૯

છેલ્લા કેટલાયે સમયથી બંધ પડેલી અને સરકાર હસ્તકની આલ્કોક એસડાઉન કંપનીમાં વારંવાર ચોરી તહતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે અને પોલીસ દ્વારા કાર્યવાહી પણ કરાય છે ત્યારે પોલીસે આલકોકમાંથી ચોરી કરેલા ૧.૫૭ લાકના મુદ્દામાલ સાથે ગંગાજળિયા પોલીસ મથકના સ્ટાફએ ચાર શખ્સોને ઝડપી લીધા હતા.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગંગાજળિયા પોલીસ મથકના અનુસંધાન/૬


તસવીર : ધવલ વાજા






CMYK CMYK